ગાંધીનગર સમાચાર



રાષ્ટ્રસંત પૂ. તરુણસાગર મહારાજનું શનિવારે ગાંધીનગરમાં આગમન થયું હતું. જૈન ભાવિકો દ્વારા તેમનું ભાવસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. સેક્ટર-૨૧ જૈન દહેરાસર ખાતે રવિવારે સવારે તેમનું જાહેર પ્રવચન યોજવામાં આવ્યું છે. (તસવીર : દિપક જાની)

# નવોદિત વાર્તાકારોના માર્ગદર્શન હેતુ બે દિવસની કાર્યશિબિરનું આયોજન

## ‘હું ઘેર જાઉં છું તમે આવો છો કે પછી...’ વિષય પર ૨૦૦ શબ્દોમાં લખાણ લખી ૨૮મી સુધી મોકલવું

ગાંધીનગર, ૨૨

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષામાં નવોદિત વાર્તાકારોને માર્ગદર્શન મળે તે માટે તા. ૧૨ અને ૧૩મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ બે દિવસની કાર્ય શિબિર ગ્રામભારતી, અમરાપુર, જિલ્લો ગાંધીનગર મુકામે યોજાશે. શિબિરમાં જોડાવા ઈચ્છતા નવોદિત વાર્તાકારે ‘હું ઘેર જાઉ છું, તમે આવો છો કે પછી...’ વિષય પર લખાણ લખી ૨૮મી ડિસેમ્બર સુધી જમા કરાવવું.

નવોદિત વાર્તાકારોના માર્ગદર્શન માટેની કાર્ય શિબિરના સંયોજક તરીકે વાર્તામાસિક ‘મમતા’ના સંપાદક અને જાણીતા વાર્તાકાર મધુરાય ઉપસ્થિત રહેશે. બે દિવસ દરમિયાન તજજ્ઞ વાર્તાકાર વાર્તાની પ્રક્રિયા વિશે જરૂરી અને સઘન ચર્ચા કરશે તથા માર્ગદર્શન પુરૂ પાડશે.

અમરાપુરના ગ્રામભારતી ખાતે યોજાનાર નવોદિત વાર્તાકારોને માર્ગદર્શન આપતી શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા વાર્તાકારોએ ‘હું ઘેર જાઉં છું તમે આવો છે કે પછી...’ આ વિષય ઉપર આશરે ૨૦૦ શબ્દોમાં લખાણ લખીને તા. ૨૮મી ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગરના સરનામે મોકલી આપવી. અથવા ઈમેલ 9426060601.india@gmal.com અથવા madhutthaker@yahoo.com. ઉપર પણ લખાણ મોકલી શકાશે.

નવોદિત વાર્તાકારોની શિબિરમાં સંયોજક દ્વારા પસંદ થનાર નવોદિત વાર્તાકારોને અકાદમી તરફથી આવવા જવાનું બીજા વર્ગનું રેલ-બસ ભાડુ ચૂકવવામાં આવશે તથા રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે એમ અકાદમીના મહામાત્ર દ્વારા જણાવાયું છે.

# આઈબીએમ ડેવલપમેન્ટ સુપરસ્ટાર કોન્ટેસ્ટમાં ગૌરવ આશરા પ્રથમ સ્થાને



ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આઈબીએમ દ્વારા લેવાયેલ ડેવલપમેન્ટ સુપરસ્ટાર કોન્ટેસ્ટ-૨૦૧૨માં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને કૉલેજનું નામ રોશન કર્યુ છે. બેંગ્લોર ખાતે તાજેતરમાં આ કોન્ટેસ્ટ યોજવામાં આવી હતી, જેમાં વિવિધ કંપનીઓ તથા ઈન્સ્ટીટ્યુટ્સમાંથી આશરે ૭૦૦ ઉપરાંત સ્પર્ધકો જોડાયા હતા. જેમાં એસ કે પટેલ કૉલેજમાં એમસીએના તૃતિય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ગૌરવ આશરાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા કૉલેજ પરિવારે ગૌરવને અભિનંદન પાઠવ્યા હતા તથા યુનિવર્સિટી તરફથી તેને રૂપિયા પાંચ હજારનું પ્રોત્સાહક ઈનામ અર્પણ કર્યું હતું.

ગૌરવે આ સિદ્ધિ પ્રાપ્ત કરીને ન માત્ર કૉલેજનું પરંતુ સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે, એવું ગૌરવને બિરદાવતાં ચેરમેને જણાવ્યું હતું.

## શબ્દ સરવાણી

### દોહો

મન સબ પર અસ્વાર હૈ, મન કે હાથ ન પાંવ,
જો મન પર અસ્વાર હૈ, સો વિરલા હૈ કોઈ

### જોડકણું

જેનું મન જેશું મળ્યું તેને સુખ તેથી મળે
તે વિના તેથી સારું રે નાવે તેની આંખ તળે

### સુભાષિત

હોય કામ મુશ્કેલ પણ ઉદ્યમથી ઝટ થાય;
ખંત જો દિલમાં હોય તો કદી ન ફોગટ જાય

### ચોપાઈ

રામ ભગતિ રત નર અરુ નારી
સકલ પરમ ગતિ કે અધિકારી
(તમામ નર-નારી શ્રીરામની ભક્તિમાં લીન છે
માટે સૌ મોક્ષનાં અધિકારી છે)

### સોરઠો

દિન-દિન ડાયરે જાય, વગોણાં વહાલાં કરે;
તે બાપ-ફેર ગણાય, સાચું સોરઠિયો ભણે

### છપ્પો

આહાર આશાએ જીવ સૌ થાય, આશાએ દેવ ક્ષીરસાગર જાય
આશાએ તપિતા દેહને નમે, આશાએ વ્રત તીર્થ સૌ ભમે
રાયરંક આશાના દાસ, આશા અખા માયાનો ત્રાસ

### શ્લોક

દેવે તીર્થે દ્વિજે મંત્રે દૈવજ્ઞે ભેષજે ગુર્રૌ
યાદશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદશી
(દેવ, તીર્થ, બ્રાહ્મણ, મંત્ર, ભાગ્ય, ઔષધ અને ગુરુ -
આ સાતમાં જેવી શ્રદ્ધા-ભાવના હોય તેનું ફળ મળે છે)

- સંકલન : પી એમ પરમાર ‘દર્શન’

# માતંગી વિદ્યાલયનો રમતોત્સવ સંપન્ન

## લીંબુ ચમચી, કોથળા દોડ અને ત્રિપગી દોડમાં સ્પર્ધકોનું કૌવત ચમકયું





ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની માતંગી સર્વ વિદ્યાલયના ધોરણ-૧ થી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો શિયાળુ રમતોત્સવ તાજેતરમાં ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ ગયો. રમતોત્સવમાં શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ખેલદીલીપૂર્વક ભાગ લઈ સમગ્ર રમતોત્સવને વિજયોત્સવ બનાવી દીધો હતો.

માતંગી શાળામાં વિદ્યાર્થી રમતોત્સવમાં લીંબુ ચમચી, સંગીત ખુરશી, ગોળા ફેંક, લાંબી કૂદ, ત્રિપગીદોડ, કોથળા દોડ તેમજ દોડ જેવી અનેક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧ થી ૪ માં મયૂર પ્રજાપતિ, રોનક રાવળ, અંજલિ ચૌધરી, પ્રાચી દેસાઈ, મિતાન્સી રાવળ, વૈદેહી ત્રિવેદી, મંથન આમલિયાર, ઉમંગ ગૂર્જર, પૂજા વણઝારા, નેહલ સોલંકી તેમજ ધોરણ ૫ થી ૭માં પ્રેમ પરમાર, મનિષા રબારી, રૂચિ ઔદિચ્ય, આકાશ પરમાર, ધવલ મકવાણા, ફાલ્ગુની રાવળ, જીનલ પ્રજાપતિ, દષ્ટિ પરમાર, પ્રેમ પરમાર, ફોરમ પટેલ તથા ધોરણ-૮થી ધોરણ-૧૦માં મમતા યાદવ, ભાવિન કરોતરા, નિશા પ્રજાપતિ, ચિરાગ પટેલ, ફરીદા અંસારી, શુભમ રાજપૂત, ઉર્વશી પરમાર, રાજ ચૌહાણ, નિશા પ્રજાપતિ, ખુશ્બુ પરમાર, ચિરાગ પટેલ, પાર્થ ટાંક અને મયૂર પરમારે જે તે રમતમાં પ્રથમ નંબર મેળવી વિજય હાંસલ કર્યો હતો. રમતોત્સવને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકોએ મહત્વનું યોગદાન પુરું પાડયું હતું. શાળાના આચાર્યાએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજય લલિતકલા અકાદમીના ઉપક્રમે ૧૬મી રાષ્ટ્રીય ફોટોગ્રાફી સ્પર્ધા-પ્રદર્શન યોજાયું

## કલર અને બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફી માટે ૮-૮ વિજેતા સ્પર્ધકોને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં તસવીરકલાને પ્રોત્સાહિત કરવા ગુજરાત રાજય લલિત કલા અકાદમીના ઉપક્રમે અમદાવાદ ખાતે ૧૬મી રાષ્ટ્રીય ફોટોગ્રાફી સ્પર્ધા-પ્રદર્શન યોજાયું. રવિશંકર રાવળ કલા ભવન ખાતે યોજાયેલ સ્પર્ધાની મુખ્ય થીમ ‘યુથ ઑફ ઈન્ડિયા’ હતી. સ્પર્ધામાં કલર ફોટોગ્રાફી માટે કુલ ૮ વિજેતા સ્પર્ધકોને જયારે બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફી માટે પણ ૮ વિજેતા સ્પર્ધકોને સન્માનિત કરાયા હતા. બંને વિભાગોમાં પ્રથમ વિજેતાઓને રૂા. ૧૦,૦૦૦ બીજાને રૂા. ૭૦૦૦ અને ત્રીજાને રૂા. ૫૦૦૦ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વધુમાં દેશભરના ફોટોગ્રાફર, ફોટોગ્રાફી કલબ અને શૈક્ષણિક સંસ્થાઓના સહકારથી ૧૯૯૭થી આ પ્રકારની સ્પર્ધા યોજવામાં આવે છે. અમદાવાદ ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં નિર્ણાયક સમિતિનાં જજ પ્રાણલાલ પટેલ, રાહુલ ગજ્જર અને હરિઓમ ગુર્જરે પોતાની સેવાઓ આપી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમ સચિવ ગુજરાત રાજય લલિતકલા અકાદમી, અમદાવાદની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વહાણવટી વિદ્યાલયમાં રમતોત્સવ ઉજવાયો

## ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૨

વહાટણવટી વિદ્યાલયમાં રમતોત્સવ યોજવામાં આવેલ હતો. જેમાં ૧૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સંગીત ખુરશી, લોટ ફૂકણી, લીંબુ ચમચી, કોથળા દોડ, સ્લો સાયકલ, વગેરે રમતો યોજી હતી. જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મનીષભાઈ પ્રજાપતિએ કર્યું હતું. નિર્ણાયક તરીકે મોનિકાબેન આસોડિયા, સંગીતાબેન પટેલ, રમીલાબેન પરમાર, તરૂણાબેને કામગીરી કરી હતી. હીનાબેન પંડ્યાએ આભારવિધિ કરી હતી.

### આજે ગીતાજયંતિ

# ભારતનો અમૂલ્ય અને અલૌકિક ખજાનો : ગીતા

## ॥ અથ ગીતામાહાત્મ્યમ્ ॥

- રશ્મિકાન્ત મહેતા

**(ક) પરંપરાગત વિચારો**

(૧) ગીતા ‘વિષ્ણુસહસ્રનામ’ જેટલું મહત્ત્વનું છે; તે ગાવાલાયક છે - શંકરાચાર્ય.

(૨) ‘વરાહપુરાણ’માં શ્રી વિષ્ણુએ પૃથ્વીને કહ્યું - જે ગીતાનો અભ્યાસ કરતો રહે છે. તે સુખી છે. તે કર્મથી લેપાતો નથી. જયાં ગીતાનું પુસ્તક હોય, જયાં તેનો પાઠ થતો હોય, ત્યાં પ્રયાગ વગેરે બધા તીર્થો રહેલાં છે. જયાં ગીતા રહેલી છે ત્યાં દેવો, ઋષિઓ, બાલકૃષ્ણ, નારદ, ધ્રુવ - બધા સહાયમાં છે. જયાં ગીતાનાં વિચાર,પાઠ, ગાયન, અને શ્રવણ થાય છે ત્યાં મારો નિવાસ છે. હું ગીતાને આશરે છું. ગીતાના જ્ઞાનને આધારે હું ત્રણેય લોકનું પાલન કરૂં છું. ગીતાનો પાઠ કોઇ અર્ધો કરે તો પણ ગોદાનનું પુણ્ય પામે છે. ત્રીજો ભાગનો પાઠ કરે તો ગંગાસ્નાનનું ફળ પામે છે. ‘ગીતા’ એવા ઉચ્ચાર સાથે દેહ છોડે તો સદ્ગતિ પામે છે.

(૩) ‘વરાહપુરાણ’માં જ સૂતે શૌનકને કહ્યું - ગીતા જ સારી રીતે ગાવી, બીજા સંખ્યાબંધ શાસ્ત્રોની જરૂર શું છે? તે વિષ્ણુના મુખ કમળમાંથી તો નિસરી છે. ગીતામાં બધા શાસ્ત્રો છે, તેથી શ્રેષ્ઠ છે. સંસારસાગર અગાધ છે, પણ ગીતાની નૌકાથી તેને આરામથી તરી શકાય છે. ગીતાના જળમાં એકવાર પણ સ્નાન કર્યું હોય તો સંસારનો મેલ ધોવાઇ જાય છે. જે ગીતને જાણતો નથી, તે અધમ છે. જે ઘરમાં ગીતાનું પૂજન થાય છે. ત્યાં કોઇ દુ:ખ કે પીડાને સ્થાન નથી. ગીતા ગંગા, ગાયત્રી, સરસ્વતી અને બ્રહ્મવિદ્યા છે.

(૪) બીજા સુભાષિત - ગીતા સમગ્ર ભારતનું અમૃત છે. બધા ઉપનિષદો ગાયો છે, એને દોહનારા ગોપાલકૃષ્ણ છે. અર્જુન એનો વત્સ છે. સમજુ મનુષ્ય એનો આસ્વાદ લે છે. ગીતા મહત્ત્વનું દૂધ જેવું અમૃત છે.

**(ખ) આધુનિક વિચારો**

(૧) મને તો કાંઇ ધર્મસંકટ આવે એટલે હું ગીતામાતાનું શરણ લઉં છું અને શરણાગત મને એણે સદાય પથદર્શન કર્યું છે. ગીતામાના ખોળામાં જે માથું રાખે અને નિરાશા કદાપિ ન થાય. નિત્ય પ્રભાતના પ્રહરમાં ગીતા તમે વાંચી જુઓ અને એનો ચમત્કાર પોતે અનુભવો.

- ગાંધીજી

**ગીતા જેવો બીજો કોઇ ગ્રંથ વિશ્વની કોઇ પણ ભાષામાં નથી, હિંદુ ધર્મના તત્ત્વો સંક્ષેપમાં અને નિઃસંદેહ રીતે સમજાવી શકે એવો ગીતાના જેવો બીજો કોઇ ગ્રંથ સંસ્કૃત સાહિત્યમાં નથી**

(૨) ગીતા જેવો બીજો કોઇ ગ્રંથ વિશ્વની કોઇ પણ ભાષામાં નથી. હિંદુ ધર્મના તત્ત્વો સંક્ષેપમાં અને નિ:સંદેહ રીતે સમજાવી શકે એવો ગીતાના જેવો બીજો કોઇ ગ્રંથ સંસ્કૃત સાહિત્યમાં નથી.

- લોકમાન્ય તિલક

(૩) ગીતાની સાથે સરખાવતાં, આખા જગતનું હાલનું બીજું બધું જ્ઞાન મને તુચ્છ લાગે છે. હું રોજ પ્રાતઃકાળે મારાં હૃદય અને બુધ્ધિનો ગીતાના પવિત્ર જળમાં સ્નાન કરાવું છું.


- થોરો

(૪) ગીતા દુનિયાની અઢળક સંપત્તિ વડે ખરીદી ન શકાય, એવો ભારતનો અમૂલ્ય અને અલૌકિક ખજાનો છે.

- યહૂદી મોલેઝ

(૫) “અમને ગીતાના અભ્યાસથી ઉત્તમ લાભ થયો છે. આ મૂલ્યવાન ગ્રંથમાંથી, સૌનું કલ્યાણ કેમ થાય, તે અમે જાણી શક્યા છીએ. તેથી અમે અમારી હાઇસ્કૂલના બીજા વિદ્યાર્થીઓને આગ્રહ કરીએ છીએ કે તેઓ આને વાંચે.”

- અમેરિકાની રિવર હાઇસ્કૂલના બે છાત્રો (ઇ.૨૦૦૩)



**જે ઘરમાં ગીતાનું પૂજન થાય છે, ત્યાં કોઇ દુઃખ કે પીડાને સ્થાન નથી, ગીતા ગંગા, ગાયત્રી, સરસ્વતી અને બ્રહ્મવિદ્યા છે**

(૬) ગીતા સમગ્ર જગતનો નિશાળ બનાવે છે. ગીતાની દૃષ્ટિએ ચારિત્ર્ય અને વર્તનમાં સુધારાની કેળવણી જ સાચી કેળવણી છે.

- ડો. પ્રતાપરાય મોદી

(૭) મારૂં શરીર માના દૂધથી પોષાયું છે, પણ તેથીયે વધુ મારા હૃદય અને બુધ્ધિનું પોષણ ગીતાનાં દૂધથી થયું છે. ગીતા એટલે મારૂં પ્રાણતત્ત્વ.

- વિનોબા ભાવે

(૮) ગીતા માત્ર અધ્યાત્મ ગ્રંથ નથી; સાથોસાથ વિશ્વવ્યાપી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હોય તેવું મહાન કાવ્ય પણ છે.

- સર એલન જેકબ્સ

